વડોદરા પોલીસ ઝોન 4માં ઝડપાયેલા રૂ.3.05 કરોડના દારૂનો નાશ કરાયો

307 જેટલા કેસોમાં 2.02 લાખ નંગ બોટલો પર બૂલડોઝર ફેરવી દેવાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.18

દિવાળી પૂર્વે વડોદરા પોલીસના ઝોન 4ના પોલીસ સ્ટેશનમાં 307 જેટલા કેસમાં ઝડપાયેલા રૂ.3.05 કરોડના વિદેશી દારૂના જથ્થા પર નાશ કરવામાં આવ્યો હતો. ડીસીપી ઝોન 4 સહિતના અધિકારીઓના હાજરીમાં 2.02 લાખ નંગ બોટલો પર બૂલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.

તાજેતરમાં વડોદરા શહેર પોલીસના ઝોન-4 માં આવતા 6 પોલીસ મથક પૈકી બાપોદ, સિટી, કુંભારવાડા, હરણી, કારેલીબાગ અને સમા પોલીસ મથક વિસ્તારમાંથી છેલ્લા બે જેટલા વર્ષ દરમિયાન પ્રોહિબિશનના 307 કેસ દાખલ કરીને રૂ.3.05 કરોડના દારૂનો જથ્થો કબજે કરાવમાં આવ્યો હતો.કોર્ટમાં કાયદેસરની મંજૂર મેળવ્યાં બાદ આ દારૂના જથ્થાને દરજીપુરા ખાતે ખુલ્લી જગ્યાં લઇ જઈને એકત્ર કરીને તેના પર બુલડોઝર ફરી વિધિસર નાશ કરવામાં આવ્યો હતો.

આ કામગીરી દરમિયાન ડીસીપી ઝોન - 4 એન્ડ્રુ મેકવાન, સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ વી.કે. સાંબડ, એસીપી. જી અને એચ ડિવિઝન, સેન્ટ્રલ એક્સાઇઝના સબ ઇન્સ્પેક્ટર તથા તમામ પોલીસ સ્ટેશનના પીઆઇ હાજર રહ્યા હતા. આ તમામ મુદ્દામાલમાં 2.02 લાખ દારૂની બોટલ અને બિયરના ટીનનો નાશ કરાયો છે.

કાળી ચૌદસે માંડવી સ્થિત કાળકા માતાના મંદિરે લીંબુના હાર ચઢાવી શકાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

શહેરના માંડવી વિસ્તારમાં વિઠ્ઠલ મંદિર નજીક આવેલા પૌરાણિક કાળકા માતાના મંદિર ખાતે આવતીકાલે કાળી ચૌદસના રોજ વિશેષ ઉજવણી કરવામાં આવશે. પ્રત્યેક વર્ષની જેમ આ વર્ષે પણ અહીં લીંબુનો હાર ચઢાવવાનો મહિમા છે. મંદિરના મહંત હેમંત જાનીએ જણાવ્યું હતું કે, દર વર્ષે સમગ્ર દિવસ દરમિયાન સવારથી મોડી રાત સુધી લીંબુ ચઢાવી શકતા હોય છે. આ વર્ષે કાળીચૌદસ રવિવારને તા ૧૯ ઓક્ટોબરના રોજ મહાકાળી મંદિરે તંત્રની દશ મહા વિદ્યાની બીજા ક્રમે આવતી માં તારાના સ્વરૂપનું દર્શન કરાવવામાં આવશે. પિતૃ નક્ષત્ર હોવાથી આ વર્ષે ફક્ત લીંબુનો હાર જ માંને ચઢાવી શકાશે. જેનો સમય સવારે ૭થી રાત્રે ૯:૩૦ સુધી રહેશે. આ સાથે હાર અર્પણ કરી શકાશે. માં તારાને આજીવન મરણના ચક્રમાંથી પાર કરાવનારી શક્તિ તરીકે પણ પુજાય છે.

પ્રવાસીઓ કલાત્મક થીમ આધારિત લાઈટિંગ જોઈ મંત્રમુગ્ધ બન્યા

એકતાનગરના આંગણે એકતા પ્રકાશ પર્વની ભવ્ય શરૂઆત : અદભૂત લાઈટિંગથી સજ્જ

આગામી તા. ૧૫મી નવેમ્બર - ૨૦૨૫ સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકતા પ્રકાશ પર્વની ભવ્ય ઉજવણી કરાશે, પ્રવાસીઓ વિનામૂલ્યે તેને નિહાળી શકશે

(પ્રતિનિધિ) વડોદરા તા.18

એકતા નગર ખાતે આગામી તા. ૩૧ ઑક્ટોબર ૨૦૨૫ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના અવસરે વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી થનાર છે. દરમિયાન ઉજાસના પર્વ દિપોત્સવીની પણ તા. ૨૦ ઑક્ટોબરે ઉજવણી થનાર છે. એકતાનગરમાં પહેલેથી જ નાઈટ ટૂરિઝમને પ્રોત્સાહન આપી આકર્ષવા માટે અનેકવિધ પ્રવાસીય પ્રકલ્પો જેવા કે, લેસર શો, ડેમ લાઈટ એન્ડ સાઉન્ડ શો, નર્મદા મહા આરતી, યુનિટી ગ્લો ગાર્ડન સહિત સમગ્ર એકતા નગરમાં અદભૂત લાઈટિંગથી સજ્જ છે. ત્યારે રાષ્ટ્રીય એકતા દિવસ તેમજ દીપોત્સવી પર્વને ધ્યાને લેતા સંભવતઃ ભારતમાં પ્રથમવાર એકતા પ્રકાશ પર્વની ઝળાહળ ઉજવણીનો એકતાનગર ખાતે ગતરોજ તા.17મી ઓક્ટોબરથી ભવ્ય પ્રારંભ થયો છે. જેમાં કુલ ૭.૬ કિમીમાં અદભૂત કલાત્મક થીમ આધારિત લાઈટિંગથી શણગાર કરવામાં આવ્યો છે.

એકતા નગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિના ભાગરૂપે પૂર્વ આયોજિત રાષ્ટ્રીય એકતા દિવસ તેમજ પ્રકાશના ઉત્સવ દીપોત્સવી પર્વની ઉજવણીના ભાગરૂપે એકતા પ્રકાશ પર્વ તા. ૧૭મી ઑક્ટોબર ૨૦૨૫થી ૧૫ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ભવ્ય રીતે યોજાઈ રહ્યું છે. એકતા પ્રકાશ પર્વનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતવાસીઓમાં એકતા, સંસ્કૃતિ અને દેશભક્તિના ભાવને ઉજાગર કરવો અને રાત્રિ સમય દરમિયાન પ્રવાસીઓ માટે નાઈટ ટુરિઝમને પ્રોત્સાહન આપવા વિવિધ થીમ આધારિત લાઈટિંગ નિહાળવાનો અનેરો મોકો છે. આ પ્રકલ્પ હેઠળ ઈલ્યુમિનેશન્સ લાઈટિંગ દ્વારા સમગ્ર એકતા નગરને દુલ્હનની જેમ લાઈટિંગ કરી સજાવી વધુ આકર્ષક બનાવવામાં આવ્યું છે.

SoUADTGAના મુખ્ય કારોબારી અધિકારીઅમીત અરોરા, અધિક કલેક્ટરનારાયણ માધુ, CISFના અધિકારીઓ, પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ અને પ્રવાસીઓની હાજરીમાં આ એકતાપ્રકાશ પર્વને ખૂલ્લું મૂકાયું હતું.

વડોદરાપરિવાર સાથે એકતાનગરના પ્રવાસે આવેલા રાકેશભાઈએ જણાવ્યું કે, અહીં આવ્યા ત્યારે રસ્તામાં એકતા પ્રકાશ પર્વના અનેક જગ્યાએ હોર્ડિંગ્સ જોયા ત્યારે આશ્ચર્ય થયું હતું. પરંતુ રાત્રે જ્યારે આ એકતા પ્રકાશ પર્વમાં આવવાનું થયું તો ખૂબજ આનંદ થયો. આ લાઈટિંગથી જાણે અહીં જ સૌ સાથે દિવાળી મનાવી રહ્યા હોય તેવો અનુભવ થાય છે. આ ખૂબ સરસર આયોજન સરકાર દ્વારા કરવામાં આવ્યું છે તેથી પ્રવાસીઓ અહીં આવે તો અવશ્ય આ પ્રકાસ પર્વની મુલાકાત કરે તેવી અપીલ કરી હતી.

મુંબઈ ખાતેથી એકતાનગરના પ્રવાસે આવેલા રિમા શાહે જણાવ્યું કે, અમે પરિવાસ રાથે બે-ત્રણ દિવસ માટે એકતાનગરના પ્રવાસે આવ્યા છીએ. અમે વિવિધ પ્રોજેક્ટની મુલાકાત લીધી છે. તમામ જગ્યાઓ ખૂબજ સરસ છે. એકતા પ્રકાશ પર્વનું આ લાઈટિંગ ખૂબ જ સરસ છે.

સત્તાવાળાઓ સામે ઉચ્ચકક્ષાએ રજૂઆત

નસવાડીમાં SBI દ્વારા ટેકનીકલ એરેરનું બહાનું કાઢી ચેક રીટર્ન કરી દેતાં આક્રોશ

તાલુકા વિકાસ અધિકારીના ખાતામાં બેલેન્સ હોવા છતાંય ચેક રીટર્ન કરી 256 રૂપિયા કાપી લેવાયા

(પ્રતિનિધિ) નસવાડી, તા.18

નસવાડી સેન્ટ્રલ કો ઓપરેટીવ બેંકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં 34 લાખના ગ્રામ પંચાયતોના ચેક ક્લિયરિંગ માટે મોકલતા ટેકનિકલ એરરનું બહાનું કાઢી ચેક રીટર્ન કરાતા ગ્રામ પંચાયતોના સરપંચોની દિવાળી બગડી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના વાંકે ગ્રામ પંચાયતના ખાતામાંથી 256 રૂપિયા ચેક રીટર્ન ના કાપી લેવામાં આવ્યા તાલુકા વિકાસ અધિકારીના ખાતામાં બેલેન્સ હોવા છતાંય ચેક રીટર્ન કરાતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સત્તાવાળાઓ સામે ભારે રોષ

નસવાડી તાલુકાની જૂથ ગ્રામ પંચાયતો ના ખાતા સેન્ટ્રલ કો ઓપરેટીવ બેંક માં છે અને ગ્રામ પંચાયતો ને વિકાસ ના કામો ના ચેક તાલુકા પંચાયત દ્વારા આપવામાં આવે ત્યારે તેઓ સેન્ટ્રલ કો ઓપરેટીવ બેંક માં ચેક ભરે છે જ્યારે તાલુકા વિકાસ અધિકારી નું સરકારી ફંડ નું ખાતું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માં છે સેન્ટ્રલ કો ઓપરેટીવ બેંક દ્વારા 34 લાખ 80 હજાર ના અલગ અલગ ગ્રામ પંચાયતો ના ચેક ક્લિયરિંગ માટે સ્ટેટ બેંક માં મોકલતા તમામ ચેક ટેક્નિકલ એરર લખી ને રિટર્ન કરવામાં આવ્યા જ્યારે દિવાળી નો પર્વ હોવા છતાંય સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ની આવી આડોડાઈ થી સરપંચો માં નારાજગી જોવા મળી રહી છે 6 દિવસ સુધી બેંકો માં અને સરકારી કચેરીઓમાં રજા છે દૂર દૂર વતન માં ગયેલા તલાટીઓ દિવાળી પછી વધારા માં બે દિવસ ની રજા મૂકી ને ગયા છે જ્યારે જ્યાં સુધી તલાટી પરત નહીં આવે ત્યાં સુધી બીજી વાર ચેક ભરી શકાય નહીં જ્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ ચેક રીટર્ન કરતા 256 રૂપિયા ખાતા માંથી કાપી લેવા માં આવ્યા છે જ્યારે ગ્રામ પંચાયતો ના સરપંચો ને દિવાળી માં મજૂરો ને તેમજ વેપારીઓને નાણા ચૂકવવાના હતા તે નાણાં આપી શક્યા નથી અને સરપંચો ની દિવાળી બગડી છે જ્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ની આવી કામગીરી થી સરપંચો આગામી દિવસો માં આની રજૂઆત ઉચ્ચ કક્ષા એ કરનાર છે.

ટેકનીકલ કારણોસર ચેક રિટર્ન કર્યા છે

ગ્રામ પંચાયતો ના ખાતા અમારે ત્યાં હોવાથી ચેક ક્લિયરિંગ માટે અમારી બેંક માં સરપંચો એ જમા કરાવ્યા હતા જ્યારે સરકારી નાણાં નું ખાતું સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માં હોવાથી ચેક ક્લિયરિંગ માટે મોકલ્યા હતા પરંતુ ટેક્નિકલ એરર દર્શાવી ને ચેક રીટર્ન કર્યા છે - **નીતિન રૂંધાણી,** SBI મેનેજર, નસવાડી

રણજી ટ્રોફી : બરોડાની ટીમે ઓડિશાને 7 વિકેટથી હરાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

રણજી ટ્રોફીની ગ્રુપ A ની સિઝન-ઓ પનર મેચમાં બરોડાની ટીમે ઓડિશાને 7 વિકેટથી હરાવીને જોરદાર જીત નોંધાવી છે. કટકના બારાબતી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચના અંતિમ દિવસે ઓડિશાના બેટ્સમેનો સ્પિન બોલિંગ સામે ઝૂકી ગયા હતા. જેના કારણે બરોડાને જીત માટે માત્ર 33 રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હતો.

કટકના બારાબતી સ્ટેડિયમમાં રમાયેલી મેચના સંક્ષિપ્ત સ્કોરમાં ઓડિશા પ્રથમ ઈનિંગ્સ 271, બરોડા પ્રથમ ઈનિંગ્સ 413/7 ડિકલેર (શિવાલિક શર્મા 124, મિતેશ પટેલ 100*; સુમિત શર્મા 3/104), ઓડિશા બીજી ઈનિંગ્સ 174 (સુભ્રાંશુ સેનાપતિ 79 અણનમ, મહેશ પીઠિયા 6/63, ભાર્ગવ ભટ્ટ 3/57), બરોડા (બીજી ઈનિંગ્સ)36 /3 (શિવાલિક શર્મા 32 અણનમ), બરોડાએ પ્રથમ ઈનિંગ્સમાં 142 રનની મોટી લીડ મેળવી હતી. સ્પિનર મહેશ પીઠિયા (6/63) અને ભાર્ગવ ભટ્ટ (3/57)ની ઘાતક બોલિંગે ઓડિશાની બીજી ઈનિંગ્સને 174 રનમાં સમેટી લીધી હતી. બરોડાએ લક્ષ્ય હાંસલ કરવા દરમિયાન 3 વિકેટ ગુમાવી હતી. બરોડા તરફથી શિવાલિક શર્માને તેની શાનદાર બેટિંગ (પ્રથમ ઈનિંગ્સમાં 124 અને બીજી ઈનિંગ્સમાં 32 અણનમ) બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. બરોડાને આ જીત બદલ 6 પોઈન્ટ મળ્યા છે.

વાસદ ટોલનાકા પર વાહનોની કતારો લાગી : મુસાફરો હેરાન

(પ્રતિનિધિ) વડોદરા તા.18

દિવાળી ના તહેવારો શરૂ થતાં લોકો માં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. લોકો પોતાના પરિવાર સાથે તહેવારો મનાવવા માદરે વતન ફરી રહ્યા છે. જેથી એસટી ડેપો અને રેલવે સ્ટેશન પર મુસાફરોનો ધસારો જોવા મળી રહ્યો છે. તો કેટલાકે અગાઉથી જ ખાસ ટુરના આયોજન કર્યા હોય તેવા પરિવારો પણ ટુર પર જય રહ્યા છે. ત્યારે વાસદ ટોલનાકા ખાતે વાહનોની ભીડ જામી હતી. ખાસ કરીને સુરતથી સૌરાષ્ટ્ર તરફ જતા લોકોના વાહનોની કતારો જોવા મળી હતી. એક સાથે વધુ વાહનોની હોડ જામતા અવ્યવસ્થા સર્જાઈ હતી. હાઈવે પોલીસ પણ હાજર નહીં રહેતા અવ્યવસ્થા સર્જાઈ હતી. જેના કારણે વાહનચાલકો કલાકો સુધી અટવાયા હતા.

વડોદરા મહાપાલિકાની સંકલન બેઠકમાં ધારાસભ્યોની ધમાકેદાર રજૂઆત

'ખખડધજ રોડ, ટીપી રોડ અને તળાવના કામો ઝડપથી પૂરા કરો' : અધિકારીઓને અધૂરા કામો પુરા કરવા કમિશનરનું સૂચન

કમિશનરે સમક્ષ પ્રાથમિક સુવિધાના પડતર પ્રશ્નોની વણઝાર

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા મહાનગર પાલિકાની વડી કચેરી ખાતે શનિવારે કમિશનર અરુણ મહેશ બાબુના અધ્યક્ષતામાં વડોદરાના ધારાસભ્ય અને નગરપાલિકાના પ્રમુખો સાથે સંકલન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મુખ્યત્વે પ્રજાને લગતી પ્રાથમિક સુવિધાઓના મુદ્દે ધારાસભ્યો અને પ્રમુખોએ ઉગ્ર રજૂઆતો કરી હતી, જેના વહેલી તકે ઉકેલ લાવવાની કમિશનર દ્વારા ખાતરી આપવામાં આવી હતી.

ધારાસભ્યએ પોતાના મત વિસ્તારના લાંબા સમયથી પડતર પ્રશ્નો અંગે વિગતવાર રજૂઆતો કરી હતી અને તમામ અધૂરા કામો ઝડપથી પૂરા કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે નવા ટી પી રોડ, ઊંડેરા તળાવ, તેમજ મુખ્ય માર્ગો પર પડેલા ખાડાઓ અંગે અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. ધારાસભ્યએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રજાને પ્રાથમિક સુવિધા મળી રહે તે માટે તંત્રએ સક્રિય થવું જોઈએ. ધારાસભ્ય અને પ્રમુખોની રજૂઆતો બાદ કમિશનર અરુણ મહેશ બાબુએ તમામ પ્રશ્નોને ગંભીરતાથી લઈ તેનો સત્વરે ઉકેલ લાવવા માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનો અને ખાતરી આપી હતી. આ સંકલન બેઠક દ્વારા મહાનગર પાલિકા અને ધારાસભ્યો વચ્ચેના સહયોગથી નાગરિકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવા તરફ એક સકારાત્મક પગલું ભરવામાં આવ્યું છે.

બેઠકમાં રજૂ થયેલા અન્ય મહત્વના પ્રશ્નો

- મોડલ ફાયર સ્ટેશનઃ મોડલ ફાયર સ્ટેશનની ટેન્ડર પ્રક્રિયામાં ગ્રાન્ટ ઓછી પડતી હોવાથી તફાવતની રકમ વહેલી તકે ફાળવવામાં આવે.
- વિકાસના કામોઃ તળાવની દીવાલ બનાવવા સહિતના પેન્ડિંગ વિકાસના કામોને તાત્કાલિક પૂર્ણ કરવા.
- સ્વચ્છતા અને રસ્તાઃ સ્વચ્છતા અભિયાનને વધુ અસરકારક બનાવવું અને રોડ-રસ્તાની ગુણવત્તા સુધારવી.
- ગ્રાન્ટ અને દરખાસ્તઃ મત વિસ્તારમાં આઇકોનિક રસ્તા અને બ્યુટીફિકેશન માટેની ગ્રાન્ટની માંગણી તેમજ આ અંગેની દરખાસ્તોને ઉપરી કક્ષાએ મોકલવા અંગે રજૂઆત.
- અન્ય સુવિધાઓઃ ડોર ટુ ડોર કચરા કલેક્શન વાહનોની વ્યવસ્થા, ખુલ્લા વરસાદી કાંસને બંધ કરવા જેવા પ્રાથમિક પ્રશ્નો અંગે પણ રજૂઆત કરવામાં આવી હતી.

નવનિયુક્ત મહિલા અને બાળ વિકાસ મંત્રી મનીષાબેન વકીલે ધનવંતરી પૂજન કર્યું

- ગઈકાલે ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર ના મંત્રીમંડળની પુનઃરચના થતા વડોદરાના ધારાસભ્ય મનીષાબેન વકીલ નો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તેઓને મહિલા અને બાળ વિકાસ વિભાગનો સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો છે. મંત્રી પદની શપથગ્રહણ કર્યા બાદ વડોદરા ભારતીય જનતા પાર્ટી નમો કાર્યાલય ખાતે મહામંત્રી જશવંતસિંહ સોલંકી, રાકેશભાઈ સેવક સત્યનભાઈકુલાબકર, તેજસભાઈ પટેલની ઉપસ્થિતિમાં વડોદરા મહાનગર ડોક્ટર શેલ દ્વારા ધનવનતરી પૂજનનો કાર્યક્રમ રાખવામાં આવેલો હતો. મંત્રી મનીષાબેન વકીલે ધન્વંતરી પૂજન કર્યું હતું.

મેટા વીઆર હેડસેટની મદદથી પ્રથમ વખત સફળ ઓપરેશન કરાયું

SSGHમાં ઓગમેન્ટેડ રિયાલિટી ટેકનોલોજી વડે સ્તન કેન્સરની સર્જરી

ટેકનોલોજીની મદદથી માત્ર 2 સેમીના ચીરાથી ગાંઠ સફળતાપૂર્વક દૂર કરી, સ્તનનો આકાર જાળવી રાખવામાં આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

બ્રેસ્ટ કેન્સર અવેરનેસ મહિના દરમિયાન ડોક્ટરોએ ઓગમેન્ટેડ રિયાલિટી ટેકનોલોજી અને મેટા વીઆર હેડસેટની મદદથી સ્તન કેન્સરનું ઓપરેશન સફળતાપૂર્વક પૂરું કર્યું હતું. આ પ્રકારનો પ્રયાસ શહેરમાં પ્રથમ વખત કરવામાં આવ્યો છે. 49 વર્ષીય મહિલાને ઓપરેશન પહેલાં કીમોથેરાપી અને ટાર્ગેટેડ ટ્રીટમેન્ટ આપવામાં આવી હતી.

49 વર્ષીય દર્દીની સારવાર પછી સ્તનમાં કેન્સરની ગાંઠ હાથથી અનુભવી શકાય તેવી રહી નહોતી. જેના કારણે ખાલી ગાંઠ કાઢવાનું ઓપરેશન કરવું સહેલું નહતું. ઓપરેશન વધુ સારી રીતે કરવા માટે સર્જન ટીમે મેટા વીઆર હેડસેટ વડે દર્દીની છાતીનો 3D મોડેલ તૈયાર કર્યો, જેમાં દર્દીની CT અને MRI સ્કેનને જોડીને (fuse કરીને) 3D મોડેલ બનાવ્યો હતો. આ મોડેલ મેટા વીઆર હેડસેટ દ્વારા સીધો દર્દીના શરીર પર પ્રોજેક્ટ કરવામાં આવ્યો, જેના દ્વારા કેન્સરની ગાંઠમાં પહેલાં મૂકાયેલ નાનું મેટલ ક્લિપ રિયલ ટાઈમમાં દેખાયું અને સર્જન ટીમને ચીરાની જગ્યા વધુ ચોક્કસ રીતે નક્કી કરી શકવામાં મદદ મળી હતી. આ ટેકનોલોજીની મદદથી માત્ર 2 સેન્ટીમીટરનાં ચીરા થી ગાંઠ સફળતાપૂર્વક દૂર કરી સ્તનનો આકાર જાળવી રાખવામાં આવ્યો હતો. ઓપરેશન પહેલાં દર્દીના સગાને મેટા વીઆર હેડસેટ વડે 3D મોડેલ બતાવવામાં આવ્યું, જેથી તેમને ઓપરેશન કેવી રીતે થવાનું છે

તે સમજાયું અને વિશ્વાસ વધ્યો છે. આ ટેકનોલોજી હજી શરૂઆતના તબક્કે છે, પરંતુ તે સર્જરીને વધુ ચોક્કસ બનાવે છે અને દર્દીની સાજા થવાની પ્રક્રિયા ઝડપથી થાય તે માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ શકે છે, એમ જણાવ્યો ડો. શિવાંગ શુક્લ, કન્સલ્ટન્ટ સર્જિકલ ઓન્કોલોજિસ્ટએ આ ઓપરેશન ડો.શિવાંગ શુક્લ અને ડો.નિસર્ગ શાહે મળીને કર્યું હતું. જેમા જાજલ મેડિકલએ મેટા વિઆર હેડસેટ અને ઈમેજિંગ સપોર્ટ પૂરો પાડ્યો હતો. દર્દી ઓપરેશન પછી સારી રીતે સાજા થયા અને પાંચ દિવસ માં રજા અપાઈ. હાલ તેઓ સારવાર બાદ ની ફોલો-અપ પ્રક્રિયામાં છે. ડો. રંજન એ ઐય્યર, સુપરિન્ટેન્ડન્ટ, એસ.એસ.જી. હોસ્પિટલે જણાવ્યું હતું કે, એસ.એસ.જી. હોસ્પિટલમાં અમારું ધ્યેય દરેક દર્દીને આધુનિક અને શ્રેષ્ઠ સારવાર પહોંચાડવાનું છે. અમારે માટે મહત્વનું છે કે એડવાન્સ્ડ સારવાર સામાન્ય જનતાને પણ સરળ અને પરવડે તેવી બને. અમારી હોસ્પિટલમાં કેન્સર સ્ક્રીનિંગ, નિદાન, સર્જરી, કીમોથેરાપી, રેડિયેશન અને રિહેબિલિટેશન બધી સુવિધાઓ એક જ જગ્યા પર ઉપલબ્ધ છે. બ્રેસ્ટ કેન્સર અવેરનેસ મહિનાને ધ્યાનમાં રાખીને ડો.શુક્લએ જણાવ્યું હતું કે, 40 વર્ષ પછી દર વર્ષે એક વખત મેમોગ્રાફી કરાવવી ખૂબ જ જરૂરી છે. જેથી કેન્સર વહેલા તબક્કે નિદાન થઈ શકે. જો કુટુંબમાં સ્તન કેન્સરના કેસ હોય, તો તમારા ડૉક્ટર સાથે ખાસ સ્ક્રીનિંગ વિશે ચર્ચા કરો.

સ્વામિનારાયણ મંદિર ખાતે અન્નકૂટની તડામાર તૈયારીઓ

(પ્રતિનિધિ) વડોદરા, તા.18

પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ તારીખ ૨૨ ઓક્ટોબર બુધવાર ના રોજ વિક્રમ સંવત ૨૦૮૨ ના નૂતન પર્વે બી એ પી એસ સ્વામિનારાયણ મંદિર અટલાદરા ખાતે ભવ્યાતિભવ્ય અન્નકૂટ નું આયોજન કરવામાં આવ્યું છે. એક હજાર થી વધુ શુદ્ધ શાકાહારી વ્યંજનો નો આ અન્નકૂટ શહેર જિલ્લામાં અનેરું સ્થાન ધરાવે છે. આ અન્નકૂટ ની તૈયારીઓ માટે છેલ્લા દસ દિવસથી યુવતીઓ અને મહિલાઓ પ્રતિ દિન ચારસો ની આસપાસ સવારે દસ વાગ્યાથી બપોરે ચાર વાગ્યા સુધી સેવારત હોય છે. આગામી દીપોત્સવી પર્વે પોતાના ઘરે પણ સાફ સફાઈ , વાનગીઓ બનાવવી વિગેરે કાર્યો હોવા છતાં પણ પ્રભુ કે ને પ્રાથમિકતા આપી પોતાની કટિબદ્ધતા પુરવાર કરે છે.

જેસબેરી પ્રિ સ્કુલ ખાતે બાળકો સાથે દિવાળી પર્વની ઉજવણી

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શહેરના વારસિયા વિસ્તારમાં આવેલી જેસબેરી પ્રિ સ્કુલ ખાતે શાળાના બાળકોએ શિક્ષકો સાથે દિવાળી પર્વની ઉજવણી કરી હતી . બાળકો તથા શિક્ષકો, આચાર્ય અને ટ્રસ્ટીઓ દ્વારા શાળામાં દીવાળીની સજાવટ કરી દીપોત્સવ ની ઉજવણી સાથે એકબીજાને મિઠાઇ ખવડાવીને મ્હોં મીઠું કરી દિવાળી તથા હિન્દુ નવ વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.શાળાના બાળકો,શિક્ષકો અને આચાર્ય સાથે જ ટ્રસ્ટીગણ દ્વારા નવા વસ્ત્રો ધારણ કરી રંગોળી તૈયાર કરી હતી.આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી ગણ, આચાર્ય અને શિક્ષકોએ બાળકોને દિવાળીની ગિફ્ટ સાથે શુભકામનાઓ પાઠવી હતી.